# માતાપિતા અને સંભાળનારાઓ
## માટે ગુજરાતીમાં નોંધો

WORKaBOOK®

**Workabooks શું છે?**
પ્રાથમિક શાળામાં તમારા બાળકની ગૃહકાર્ય ને લગતી જે જરૂરિયાતો હોય તે તમામ જરૂરિયાતોનો Workabooksમાં સમાવેશ થાય છે. પ્રત્યેક Workabook માં એક શૈક્ષણિક વર્ષ માટેનું એક વિષયનું તમામ ગૃહકાર્ય આપવામાં આવેલું હોય છે.

Workabook ગૃહકાર્ય એ વર્ગમાં કરાવવામાં આવતી પ્રવૃતિનો જ એક ભાગ છે. Workabook ગૃહકાર્ય એ ત્રણ પ્રકારની ગૃહકાર્ય પ્રવૃતિઓ પર આધારિત છે: શીખવું, અભ્યાસનો મહાવરો કરવો, વિચારવું.

**અભ્યાસનો મહાવરો**
આ અભ્યાસમાં તમારા બાળકે ચાલુ વર્ષમાં જે બાબતો શીખવાની હોય તેનો સમાવેશ થાય છે. જેમ કે એકમો અને ઘડિયા ગુણાકારના કોષ્ટક અને શબ્દોની યાદી કે જે મોઢે કરવાના હોય છે. આ પાન્નાઓ (ગણિત) વાદળી કોરવાળા છે અથવા (અંગ્રેજી) નારંગી કોરવાળા છે.

શીખવાના મહાવરા માટે, પુનરાવર્તન એ ખૂબજ આવશ્યક છે અને તમારે હકીકતો જેવીકે બાળકો શાળાએ જતા હોય કે પાછા આવતા હોય ત્યારે પણ તેઓ ઘડિયા વગર કેટલું શીખ્યા છે તેની ચકાસણી કરી શકો છો.

**અભ્યાસ મહાવરો**
ભણવાનું સુદ્રઢ કરવા અભ્યાસ મહાવરાની ડિઝાઇન કરવામાં આવી છે. નારંગી (ગણીત) અથવા જાંબલી (અંગ્રેજી) કોર ધરાવતાં પાન્નાઓમાં તેઓને શોધો. તેઓ ત્રણ વિવિધ સ્તરો પર નિયત છે:

- સ્તર એ: એ સારો પાયો ઊભો કરવા માટે છે;
- સ્તર બી: રાષ્ટ્રીય અપેક્ષાઓ મેળવવા અને સલામત કરવા;
- સ્તર સી: અમુક પડકારોને રજૂ કરવા માટે.

સુગમતા બધાં બાળકોને પ્રગતિ મેળવવા અને બનાવવા સક્રિય કરે છે. સામાન્ય રીતે શિક્ષક બાળકને ક્યા સ્તરનો અભ્યાસ કરાવવો તે નક્કી કરશે, પરંતુ જો તમારૂં બાળક તેનાથી ઉપલા સ્તર માટે પણ પ્રયત્ન કરવા ઇચ્છતું હોય તો તેને આમ કરવા માટે પ્રોત્સાહિત કરો!

**વૈચારિક કાર્ય**
વૈચારિક (અને લેખિત) કાર્યો ગણિત અને અંગ્રેજી રોજિંદા જીવનમાં કઈ રીતે વાપરી અને લાગુ પાડી શકાય છે તે દર્શાવે છે. આ (ગણિત) લીલા અથવા લાલ (અંગ્રેજી) કોરમાં છે. તેઓ શીખવાના અને અભ્યાસના મહાવરાઓમાં વિકસિત કૌશલ્યોનો ઉપયોગ કરતાં શીખે છે.

Workabooks માં નીચેની બાબતોનો પણ સમાવેશ થાય છે:

- એક ***નાનકડો શબ્દ કૌંસ*** વર્ષનાં મહત્વની શબ્દાવલિ ધરાવે છે. બાળકો આ શબ્દો કોશનો ઉપયોગ કરી વર્ષ દરમિયાન વિવિધ શબ્દોનો પોતાનો અર્થ નક્કી કરી શકે છે;
- ***ગ્રે પાંન્નાઓ*** યાદીઓ અથવા અન્ય ખાસ કામ માટે;
- એક ***સિદ્ધિ*** પાનું બાળકને તેઓની Workabook પૂર્ણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે;
- અંગ્રેજી માટે, એક ***વાંચન રેકોર્ડ*** પાનું વાંચન માટેના પ્રોત્સાહનને ઉત્તેજન આપે છે;
- ગણિત માટે, ***સંદર્ભ*** વધારાની માહિતી અને આધારયુક્ત દસ્તાવેજો છે.

**શરૂઆત થઈ રહી છે**
ગૃહકાર્ય સામાન્ય રીતે દર અઠવાડિયે નક્કી કરવામાં આવશે. તમારૂં બાળક વર્ગમાં તેને ક્યું કાર્ય પૂર્ણ કરવાનું કહેવામાં આવ્યું છે તેની નોંધ પોતાની Workabook માં કરશે. તમારૂં બાળક તેના ગૃહકાર્યની શરૂઆત કરે ત્યારે તેણે શું કરવાનું છે તેની જાણકારી તેને છે કે નહી તેની ચકાસણી કરો. બાળકોએ તમારી મદદ લીધા વગર ગૃહકાર્ય કરવાનો પ્રયત્ન કરવો જોઇએ, પરંતુ જ્યારે જરૂર જણાય ત્યારે તમે તેમને મદદ કે સહાયતા કરી શકો છો.

તમારૂં બાળક ગૃહકાર્ય કરતું હોય ત્યારે તેને પુસ્તિકાની નીચે ટેકો મળી રહે તે સુનિશ્ચિત કરો અને તેમને પેંસિલથી કામ કરવા દો કે જેથી ભૂલ સુધારવિ હોય તો સરળતાથી સુધારી શકાય!

મોટાભાગનો અભ્યાસ એક જ બેઠકમાં પૂરો થઈ શકે છે, તેમ છતાં કેટલાક વૈચારિક કાર્યો થોડાંક દિવસો સુધી કરવા પડે એ શક્ય છે, જેમ કે શાળાએ પહોંચવામાં કેટલી વાર લાગે છે, તેની નોંધ રાખવી.

ગૃહકાર્ય માટે સાચું આયોજન પૂરૂં પાડવું તે તમારા બાળકને ટેકો આપવાનો એક મહત્વનો ભાગ છે. આમા સમાવેશ થાય છે:

***નિત્યક્રમ***
નિત્યક્રમ એ ખૂબજ મહત્વનો છે, તેથી ગૃહકાર્ય માટે એક એવો સમય નક્કી કરો કે જ્યારે તમારૂં બાળક થાકેલું ન હોય, દાખલા તરીકે, સપ્તાહના અંતે આવતાં રજાના દિવસોની સવાર. આ સમય એવો હોવો જોઇએ કે જ્યારે તમે બાળકની આસપાસ જ હોવ અને જ્યારે જરૂર પડે ત્યારે તમે તેને મદદ કરી શકો તેમ હોવ.

***વિક્ષેપો***
તમારા બાળકના ગૃહકાર્ય માટે પ્રમાણમાં શાંત હોય એવી જગ્યા પસંદ કરો. આ જગ્યા એવી હોવી જોઇએ કે જ્યાં પૂરતો પ્રકાશ ઉપલબ્ધ હોય અને તે ધાંધલ ધમાલ વાળા વાતાવરણથી દૂર હોય. ઘરના અન્ય સભ્યોને તમારૂં બાળક જ્યારે ગૃહકાર્ય કરી રહ્યું હોય ત્યારે તેને ખલેલ નહી પહોંચાડવાની શીખ આપો!

© પીએસએચબી કંપની લિમિટેડ 2005, 2014

***મૂળભૂત જરૂરિયાતો***
તમારૂં બાળક જ્યારે ગૃહકાર્ય કરવા બેસે ત્યારે થાકેલું, ભૂખ્યું, તરસ્યું, ઉદ્દાસીન કે ચિડાયેલું ન હોય તેની ખાતરી કરો. ભણતર અને ધ્યાન કેંદ્રિત કરવાના સંદર્ભમાં આ તમામ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે.

જ્યારે તમારૂં બાળક ગૃહકાર્ય પૂર્ણ કરી લે ત્યારે તમારે આ ગૃહકાર્ય પૂર્ણ થઈ ગયું છે, તે દર્શાવવા માટે સહી કરવી જોઇએ. માતા પિતા/ સંભાળ રાખનારાંઓની ટિપ્પણીના ખાનાંમાં સહી કરો અને તે પછી નીચેનામાંથી ખરાંની નિશાની કરો:

- ***મદદ સાથે*** જો તમારાં બાળકને ગૃહકાર્ય પૂર્ણકરવામાં મદદની જરૂર પડી હોય;
- ***એકલાં*** જો તમારાં બાળકે ગૃહકાર્ય એકલાં પૂર્ણ કર્યું હોય;
- ***આત્મવિશ્વાસ પૂર્વક*** જો તમારાં બાળકે સ્વતંત્ર રીતે આત્મવિશ્વાસપૂર્વક ગૃહકાર્ય પૂર્ણ કર્યું હોય.

તમે શિક્ષકને ઉદ્દેશીને કોઇ ટિપ્પણી લખી શકો તે માટે પણ જગ્યા રાખવામાં આવી છે – દાખલા તરીકે. અંતે આ પુસ્તિકા નિશ્ચિત દિવસે બાળક શાળામાં સાથે લઈ જાય તે સુનિશ્ચિત કરો.

**તમે કેવી રીતે મદદ કરી શકો છો – શાબાશી આપો અને પ્રોત્સાહિત કરો**
માતાપિતા/સંભાળ રાખનારાં તરીકે તમે તમારાં બાળકના આત્મવિશ્વાસને મજબૂત બનાવવાની અદ્‌ભૂત શક્તિ ધરાવો છો – અને ભણતર માટે આત્મવિશ્વાસ એક આવશ્યક અંગ છે.

જે ગૃહકાર્ય આપવામાં આવ્યું હોય તે કરવા માટે તમારાં બાળકને પ્રોત્સાહિત કરીને અને તે પછી જ્યારે તેઓ ગૃહકાર્ય કરતાં હોય ત્યારે તેમને મદદ કરીને તમે બાળકના ભણતરમાં વિશિષ્ટ પ્રદાન આપી શકો છો. તમે બધાં જ પ્રશ્નોના જવાબ જાણતા હોય એવુ જરૂરી નથી- તમે તેમના કાર્યમાં રસ લઈ રહ્યાં છો એ દર્શાવવુ એ તેનાથી પણ વધારેઅગત્યની બાબત છે!

જો તમારૂં બાળક ગૃહકાર્ય કેવી રીતે કરવું તે અંગે અનિશ્ચિત હોય તો તેની સાથે બેસી કાર્ય અંગેની વિગતો વાંચો અને તેને ઉત્સાહિત કરે તેવા પ્રશ્નો પૂછો, જેવાં કે:

- ***તમે શું કરી રહ્યાં છો તે મને કહી શકશો?***
- ***તમે આ કાર્ય કેવી રીતે કરશો?***
- ***તમારે શું કરવાનું છે તેની તમને ખબર કેવી રીતે પડી?***
- ***તમારે શું શોધી કાઢવાની જરૂર છે?***

જ્યારે તમે તમારા બાળક સાથે આ પ્રકારે ગૃહકાર્ય અંગે ચર્ચા કરશો ત્યારે તેઓ શિક્ષકની ભૂમિકા ભજવી શકે છે અને હવે શું કરવું જોઇએ તે અંગે તમને સમજણ આપી શકે છે. આ એની જાતેજ મહત્વનું બની શકે છે.

મદદ, શાબાશી અને પ્રોત્સાહન આપવાની બાબતમાં હંમેશા ઉદાર રહો! રહો! બાળકોએ જે કાર્ય કર્યું હોય તેના ચોક્કસ પ્રકારનાં પાસાં પર ધ્યાન કેંદ્રિત કરતી હોય એવી ખાસ પ્રકારની શાબાશી આપવાનો પ્રયત્ન કરો, જેમ કે આવું કાંઇક કહીને: ‘તમે જે રીતના કાર્ય કર્યું તે મને ગમ્યું...’; અને હંમેશા તમારા બાળકને તેમણે કરેલા કાર્ય માટે વાસ્તવિક રીતે ગૌરવ લેવા માટે પ્રોત્સાહિત કરો.

કોઈપણ વિશ્વાસપાત્ર વ્યક્તિ દ્વારા બાળકને ગૃહકાર્ય કરવામાં મદદ કે સહાયતા કરી શકાય છે – ભાઇ,બહેન, દાદા-દાદી કે પાડોશી બાળકને ગૃહકાર્યમાં મદદ કરી શકે છે; દરેક વખતે ગૃહકાર્યમાં મદદ કરવા માટે એક જ વ્યક્તિ હોય એવું જરૂરી નથી.

**શિક્ષણને શાળા અને ઘરની સંયુક્ત જવાબદારી રૂપે વહેંચી લેવું જ જોઇએ અને તમારી બાળકની જિંદગીના આ જે બે કાર્યક્ષેત્રો છે તેમાં ગૃહકાર્ય એ એક સેતુરૂપ બની શકે છે. શાળા સાથે ભાગીદારીમાં કાર્ય કરીને તમે તમારા બાળકના શીખવા માટે એક સાચું જુદ્દાપણું લાવી શકો છો!**

***વધુ માહિતી માટે, અમારી વેબસાઇટ: www.workabook.co.uk***

*ભાષાંતર અને ટાઇપનિયોજન: worldaccent.com*

© પીએસએચબી કંપની લિમિટેડ 2005, 2014